# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-01-2025** **MORNING : 7.45 to 7.55**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

*************************************************

1) ગૃહમંત્રી અમિત શાહ આજે માદક પદાર્થોની હેરફેર અને રાષ્ટ્રીય સુરક્ષા અંગે નવી દિલ્હીમાં આયોજિત પ્રાદેશિક પરિષદની અધ્યક્ષતા કરશે
2) અયોધ્યાના રામમંદિરમાં રામ લલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠાના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજથી ત્રણ દિવસનો ખાસ કાર્યક્રમ
3) પ્રધાનમંત્રી મોદી આવતી કાલે રાષ્ટ્રીય યુવા દિવસ પર નવી દિલ્હીમાં વિકસિત ભારત યુવા નેતા સંવાદમાં ભાગ લેશે
4) સ્ટોર્મી ડેનિયલ્સને નાણા ચૂકવવાનાં કેસમાં અમેરિકાના પદનામિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બિનશરતી મુક્ત કરાયા
5) મલેશિયન ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં સાત્વિક સાઇરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી દક્ષિણ કોરિયાની જોડી સામે રમશે

*************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SHAH-DRUG TRAFFICKING CONFERENCE

ગૃહમંત્રી અમિત શાહ આજે માદક પદાર્થોની હેરફેર અને રાષ્ટ્રીય સુરક્ષા અંગે નવી દિલ્હીમાં આયોજિત પ્રાદેશિક પરિષદની અધ્યક્ષતા કરશે.

આ પરિષદમાં રાષ્ટ્રીય સુરક્ષા પર ડ્રગ્સની હેરફેરની અસર અંગે ચર્ચા કરવામાં આવશે. આ પરિષદ ખાસ કરીને ઉત્તર ભારતના આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ પ્રસંગે શ્રી શાહ માદક પદાર્થોના દૂષણને ડામવા અંગેના પખવાડિયાનો પ્રારંભ કરશે. જેમાં 44 હજાર કિલોગ્રામથી વધુ જપ્ત કરાયેલા માદક દ્રવ્યોનો નિકાલ કરવામાં આવશે.

શ્રી શાહ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના ભોપાલ યુનિટના કાર્યાલય ભવનનું ઉદ્ઘાટન કરશે. તેઓ દેશભરમાં માનસ-2 હેલ્પલાઇન સુવિધાનું પણ ઉદ્ઘાટન કરશે. આ પરિષદમાં રાષ્ટ્રીય નાર્કોટિક્સ હેલ્પલાઇન "માનસ" પોર્ટલ પર માહિતીની તાત્કાલિક વહેંચણી, માદક પદાર્થોની હેરફેર સામે લડવામાં રાજ્યોનું મૂલ્યાંકન અને નાર્કોટિક્સ કોઓર્ડિનેશન તંત્રની અસરકારકતા પર ચર્ચા કરવામાં આવશે. ગૃહ મંત્રાલય 2047 સુધીમાં દેશને ડ્રગ્સ મુક્ત બનાવવા માટે ત્રણ મુદ્દાની નીતિ લાગુ કરી રહ્યું છે.

# AYODHYA-RAM LALLA ANNIVERSARY

ઉત્તરપ્રદેશમાં અયોધ્યાના ભવ્ય રામ મંદિરમાં રામ લલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠાના એક વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે આજથી ત્રણ દિવસનો ખાસ કાર્યક્રમ શરૂ થઈ રહ્યો છે.

આ અંગે વધુ વિગતો આપી રહ્યા છે અમારા સંવાદદાતા ઓમ અવસ્થી

**(બાઇટ – ઓમ અવસ્થી )**

ગયા વર્ષે 22 જાન્યુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રામ જન્મભૂમિ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. પરંતુ હિન્દુ કેલેન્ડર મુજબ આ વર્ષે જયંતિ ૧૧ જાન્યુઆરીએ ઉજવવામાં આવી રહી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે અને રામલલાનો અભિષેક કરશે.

## PM-UP CM

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગઈકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. શ્રી યોગીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે પ્રધાનમંત્રી મોદીના માર્ગદર્શન હેઠળ પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભ ગૌરવનું પ્રતીક છે. તેમણે કહ્યું કે આ કુંભમાં, નવા ભારતને તેના દિવ્ય, ભવ્ય અને ડિજિટલ સ્વરૂપમાં પ્રદર્શિત કરવામાં આવશે. મહાકુંભ મેળો ૧૩ જાન્યુઆરીથી ૨૬ ફેબ્રુઆરી સુધી યોજાશે.

## PM MODI-FRANCE VISIT

ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોને જાહેરાત કરી છે કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફ્રાન્સની મુલાકાત લેશે અને આવતા મહિને પ્રસ્તાવિત યાંત્રિક બુદ્ધિમત્તા

શિખર સંમેલનમાં હાજરી આપશે. ફ્રેન્ચ રાજદૂતોના પરિષદમાં, શ્રી મેક્રોને વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ પરિષદ યાંત્રિક બુદ્ધિમત્તાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# PM-YOUNG LEADERS DIALOGUE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાષ્ટ્રીય યુવા દિવસ પર દિલ્હીના ભારત મંડપમ ખાતે વિકસિત ભારત યુવા નેતા સંવાદમાં ભાગ લેશે. સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પર રાષ્ટ્રીય યુવા દિવસ ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રી મોદી દેશભરના ત્રણ હજાર ઊભરતા નેતાઓ સાથે વાતચીત કરશે.

આ પ્રસંગે, પ્રધાનમંત્રી દસ વિષયો પર સહભાગીઓ દ્વારા લખાયેલા શ્રેષ્ઠ નિબંધોના સંગ્રહનું પણ વિમોચન કરશે. જેમાં ટેકનોલોજી, ટકાઉપણું, મહિલા સશક્તિકરણ, ઉત્પાદન અને કૃષિ જેવા વિષયો પરના નિબંધોનો સમાવેશ થાય છે.

વિકસિત ભારત યુવા નેતાઓ સંવાદનો ઉદ્દેશ્ય એક લાખ બિન-રાજકીય યુવાનોને રાજકારણ સાથે જોડવાનો અને તેમને વિકસિત ભારત માટે તેમના વિચારો વ્યક્ત કરવા માટે એક રાષ્ટ્રીય પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે.

# TRUMP-DISCHARGE

અમેરિકામાં 2016 ની રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન ચૂપ રહેવા માટે સ્ટોર્મી ડેનિયલ્સને નાણાં ચૂકવવાના મામલે નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને બિનશરતી મુક્ત કરવામાં આવ્યા છે. શ્રી ટ્રમ્પને આ કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યા હતા પરંતુ તેમને જેલ, દંડ કે અન્ય કોઈ સજા આપવામાં આવી નથી. જેનાથી શ્રી ટ્રમ્પ માટે પદ સંભાળવાનો માર્ગ મોકળો થઈ ગયો છે, જોકે તેઓ કોઈપણ કેસમાં દોષિત ઠરનારા પહેલા અમેરિકન રાષ્ટ્રપતિ હશે.

ગયા વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા એક અદાલતે શ્રી ટ્રમ્પને સ્ટોર્મી ડેનિયલ્સને ચૂકવવામાં આવેલા નાણાં સંબંધિત વ્યવસાયિક છેતરપિંડીના 34 ગુનાઓમાં દોષિત ઠેરવ્યા હતા. જોકે, રાષ્ટ્રપતિની ચૂંટણી અને શ્રી ટ્રમ્પની અપીલને કારણે, તે સમયે સજા સંભળાવવામાં આવી ન હતી.

અમેરિકન અદાલતે તેમને એવા સમયે દોષિત ઠેરવ્યા છે જ્યારે શ્રી ટ્રમ્પ 20 જાન્યુઆરીએ શપથ લેવાની તૈયારી કરી રહ્યા છે.

# GOYAL-INDUSFOOD 2025

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે આગામી પાંચ વર્ષમાં ભારતની ખાદ્ય અને પીણા, કૃષિ અને દરિયાઈ ઉત્પાદનોની સંયુક્ત નિકાસ 100 અબજ ડોલર સુધી પહોંચવાની શક્યતા છે. ગઈકાલે નવી દિલ્હીમાં ઇન્ડસફૂડ પ્રદર્શનમાં બોલતા, તેમણે કહ્યું કે આ લક્ષ્ય 14 થી 15 ટકાના વિકાસ દર સાથે પ્રાપ્ત કરી શકાય છે.

શ્રી ગોયલે જણાવ્યું હતું કે સરકાર ખાદ્ય અને પીણા ક્ષેત્રને ઘણી સહાય આપી રહી છે અને હવે આ ક્ષેત્રમાં 100 ટકા FDI ને મંજૂરી આપી છે. તેમણે કહ્યું કે, કૃષિ ક્ષેત્રને ટકાઉ બનાવવું એ સરકારની પ્રાથમિકતા છે. શ્રી ગોયલે ભારતીય કંપનીઓને નવીનતા અને વધુ સારા પેકેજિંગમાં રોકાણ કરવા પણ અપીલ કરી.

## BADMINTON-MALAYSIA OPEN

મલેશિયા ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટના આજે રમાનારી સેમિફાઇનલમાં સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની ભારતીય જોડી દક્ષિણ કોરિયાના સીઓ સ્યુંગ જી અને કિમ વોન હો સામે ટકરાશે.

કુઆલાલંપુરમાં રમાનારી આ મેચ ભારતીય સમય મુજબ બપોરે એક વાગીને ચાલીસ મિનિટે શરૂ થશે. ક્વાર્ટર ફાઇનલમાં, ભારતીય જોડીએ યુ સિન ઓંગ અને ઇ યી ટીઓની મલેશિયન જોડીને પરાજય આપ્યો હતો.

## BOMBAY HC-WETLANDS

મહારાષ્ટ્રમાં કાંપવાળી જમીનોના સંરક્ષણ માટે બોમ્બે હાઈકોર્ટમાં એક જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે ડિસેમ્બર 2024ના તેના આદેશમાં તમામ વડી અદાલતોને તેમના અધિકારક્ષેત્ર હેઠળના કાંપવાળા મેદાનોના  સંરક્ષણ માટે પગલાં લેવા જણાવ્યું હતું. આવી જમીનોને રામસર કન્વેન્શન સાઇટ્સ પણ કહેવામાં આવે છે.

બોમ્બે હાઈકોર્ટે આ મામલે પર્યાવરણ અને વન મંત્રાલય, મહારાષ્ટ્ર સરકાર અને મહારાષ્ટ્ર વેટલેન્ડ્સ સત્તામંડળને નોટિસ ફટકારી છે. અદાલત આ કેસની સુનાવણી 25 ફેબ્રુઆરીએ કરશે.

આંતરરાષ્ટ્રીય મહત્વના જળપ્લાવિત વિસ્તારોને રામસરનો દરજ્જો આપવામાં આવે છે. ભારતમાં આવા 85 સ્થળો છે, જેમાંથી ત્રણ મહારાષ્ટ્રમાં છે. આમાં બુલઢાણા જિલ્લામાં લોનાર તળાવ, નાસિકમાં નાંદુર મડમેશ્વર અને થાણે ક્રીકનો સમાવેશ થાય છે.

## હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- ડોનાલ્ડ ટ્રમ્પ સામેનો ચૂકાદો અને લોસ એન્જલસમાં આગનાં સમાચાર તમામ દૈનિકોની હેડલાઇનમાં જોવા મળે છે.
- ગુજરાત સમાચારે શિર્ષક આપ્યું છે- ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રથમ ક્રિમિનલ પ્રમુખ
- નવગુજરાત સમયની હેડલાઇન છે-ટ્રમ્પ સામે ચૂકાદોઃ દોષિત સાબિત, પણ જેલ કે દંડ વિનાની સજા
- LAમાં આગ બેકાબૂ-ભારે લૂંટફાટ, કરફ્યુઃ આ સંદેશ દૈનિકની હેડલાઇન છે.
- ફુલછાબ લખે છે કે- દાવાનળમાં અમેરિકાનાં 12 લાખ 89 હજાર કરોડ ભસ્મીભૂત
- જીએસટી પોર્ટલ ઠપ થતાં માસિક અને ત્રિમાસિક રિટર્ન ફાઇલ કરવાની તારીખ બે દિવસ લંબાવાઈ- આ સમાચાર ગુજરાત સમાચાર અને રાજસ્થાન પત્રિકામાં પ્રથમ પાને છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આપેલા પોડકાસ્ટ ઇન્ટરવ્યુ અંગેનાં સમાચાર પણ અનેક અખબારોમાં પ્રથમ પાને જોવા મળે છે.
- અમદાવાદની ઝેબર સ્કુલમાં આઠ વર્ષની વિદ્યાર્થિનીનું મૃત્યુનાં સમાચારને દિવ્ય ભાસ્કરે પ્રથમ પાને પ્રકાશિત કર્યા છે.
- દિવ્ય ભાસ્કરના પ્રથમ પાને અહેવાલ છે કે, મોસમનો વિચિત્ર મિજાજ નૈનિતાલ મસુરીમાં 30 વર્ષ બાદ આકરી ગરમી